# પેપ્સીકો ઈન્ડીયાનો ઝીરો વેસ્ટ મેનેજમેન્ટનો અનોખો કાર્યક્રમ - એકસનોરા

અમદાવાદ,તા.૨૫

હેતુલક્ષી કામગીરીની પોતાની નિષ્ઠા દોહરાવતાં પેપ્સીકો ઈન્ડીયાએ એકસનોરાના સહયોગથી ઉત્તર ભારતમાં પાણીપત મ્યુનિસીપાલીટીમાં એક અનોખો ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ કાર્યક્રમ હાથ ધર્યો છે. પેપ્સી અગાઉ દક્ષિણ ભારતમાં આવા ચાર પ્રોજેક્ટ સફળતાપૂર્વક હાથ ધરી શકી છે. ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ સેન્ટરનું ઉદ્દઘાટન પેપ્સીકો ઈન્ડીયાના સીઈઓ શ્રી સંજીવ ચઢ્ઢા અને પાણીપત મ્યુનિસીપલ કોર્પોરેશનના અધ્યક્ષ વિનોદ વાડેરાએ કર્યું હતું.

આ પ્રોજેકટનું ઉદ્દઘાટન કરતાં પેપ્સીકો ઈન્ડીયાના સીઈઓ શ્રી સંજીવ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે, "'પરફોર્મન્સ વિથ એ પર્પઝ' આજના કરતા આવતી કાલને બહેતર બનાવવાનો પ્રયાસ છે. ખાસ કરીને પર્યાવરણને થતી વિપરીત અસરો નિવારવાનો અમારો ઉદ્દેશ છે. પાણીપત ઉત્તર ભારતમાં આ પ્રકારનું પ્રથમ એકમ બની રહેશે. અમે ઉત્તર ભારતમાં આવા વધુ પ્રયાસો કરવા ઈચ્છીએ છીએ."

આ પ્રસંગે પાણીપત મ્યુનિસીપલ કોર્પોરેશનના અધ્યક્ષ વિનોદ વાડેરાએ જણાવ્યું હતું કે, "અમે પાણીપતને સ્વચ્છ અને હરિયાળુ બનાવવા માગીએ છીએ." આ પ્રસંગે એકસનોરાના ઉપાધ્યક્ષ શ્રીમતી મંગલમ બાલા સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે, "ઘન કચરાના નિકાલમાં ખાનગી ક્ષેત્રનો મર્યાદિત સહયોગ પ્રાપ્ત થતો હોય છે. પેપ્સીકો પર્યાવરણ માટેના સહયોગનું મહત્વ સમજે છે અને એથી એમણે આ પ્રકારના પ્રોજેકટમાં જોડાવાની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી હતી.